## PRESS COVERAGE:

**PUBLICATION NAME: NOOTAN SAURASHTRA (GUJARATI DAILY)**
**CITY:** JAMNAGAR
**DATE:** 17-06-2018
**PAGE NO.** 05
**TOTAL SQ. CM.** 234
**TITLE:** *Nayara Energy Limited distributes school and hygienic kits in 226 school*

---

# નયારા એનર્જી લિમિટેડ દ્વારા ૨૨૬ શાળાઓમાં દફતરની સાથે સ્વચ્છતા કીટનું વિતરણ

### ખંભાળિયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓના ૩,૦૦૦ વિદ્યાર્થીઓ બન્યાં લાભાન્વિત



(ભરત ભોગાયતા દ્વારા)

જામનગર, તા.૧૬

નયારા એનર્જી લિમિટેડે રાજ્ય સરકાર દ્વારા ઉજવાતા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સહભાગી બની ખંભાળીયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓ મળી કુલ ૨૨૬ શાળાઓના ૩,૦૦૦ વિદ્યાર્થીઓને સ્કુલ બેગ કીટની સાથે સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટે સ્વચ્છતા કીટનું વિતરણ કરી એક નવી પહેલ કરી હતી.

સામાજિક ઉત્તરદાયિત્વના નાતે રિફાઈનરી નજીકના ગામોમાં નયારા એનર્જી લિમિટેડ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહી છે. દરમિયાન રાજ્ય સરકારના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં નયારા એનર્જી લિમિટેડે દર વર્ષની માફક સહભાગીદાર બની ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓને ખુશખુશાલ કરી દીધા છે. ખંભાળીયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓમાં કંપનીના અધિકારીઓ તથા પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના કર્મીઓએ રૂબરૂ જઈ વિદ્યાર્થીઓને સ્કુલ બેગ અને હાઈજીન કીટનું વિતરણ કર્યુ હતુ. સ્કુલ બેગ કીટમાં સ્લેટ, સ્લેટ પેન, બુક, વેક્સ ક્રેયન્સ, ક્રેયન્સ કલર બુક, પાણીની બોટલ વિગેરે વસ્તુઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ વેળાએ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સરપંચ તેમજ અન્ય અધિકારીગણ ઉપસ્થિત રહયા હતા.

નયારા એનર્જી લિમિટેડે સ્કુલ બેગ કીટની સાથે વિદ્યાર્થીઓને હાઈજીન કીટનું વિતરણ કરી એક નવી પહેલ કરી છે. આ સ્વચ્છતા કીટમાં નેઈલ કટર, કાંસકો, ટુથબ્રસ, ટુથપેસ્ટ, ઉલિયું, હાથ રૂમાલ વગેરે વસ્તુઓ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. કંપનીના સ્ટાફ દ્વારા બાળકોમાં સ્વચ્છતા અંગે સમજ નાનપણથી જ કેળવાય એ માટે સ્વચ્છતા કીટમાં રહેલી વસ્તુઓનો ઉપયોગ રોજેરોજ કઈ રીતે કરવો અને તેનાથી તંદુરસ્તી કઈ રીતે સચવાયેલી રહેશે તેનુ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. સ્કુલ બેગ અને હાઈજીન બેગ મળતા બાળકોના ચહેરાઓ ખીલી ગયા હતા. કંપનીની આ પહેલને શાળાઓના આચાર્ય તથા શિક્ષકોએ આવકારી હતી.

નયારા એનર્જી લિમિટેડ રિફાઈનરી નજીકના ગામોમાં ગ્રામશિક્ષા કાર્યક્રમ હેઠળ બાળકો શાળાઓમાં નિયમિત હાજર રહે, કન્યા કેળવણીમાં વધારો થાય, વિદ્યાર્થીઓમાં ઉચ્ચ અભ્યાસનું પ્રમાણ વધે, નાના બાળકોમાં ડ્રોપઆઉટનું પ્રમાણ ઘટે અને પ્રૌઢ શિક્ષિત થાય એ માટે કાર્ય કરવામાં આવી રહયુ છે, જેને લોકો દ્વારા આવકારવામાં આવી રહયુ છે.